# પ્રધાનમંત્રીની દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ સાથે મુલાકાત

23 ઓગસ્ટ, 2023

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ 23 ઓગસ્ટ, 2023નાં રોજ જ્હોનિસબર્ગમાં 15માં બ્રિક્સ શિખર સંમેલનની સાથે-સાથે પ્રજાસત્તાક દક્ષિણ આફ્રિકાનાં રાષ્ટ્રપતિ મહામહિમ શ્રી સિરિલ રામાફોસા સાથે મુલાકાત કરી હતી.

બંને નેતાઓએ બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સંબંધોમાં થયેલી પ્રગતિની સમીક્ષા કરી હતી તથા સંરક્ષણ, કૃષિ, વેપાર અને રોકાણ, સ્વાસ્થ્ય, સુરક્ષા અને લોકો વચ્ચેનાં સંબંધો સહિત વિવિધ ક્ષેત્રોમાં થયેલી પ્રગતિ પર સંતોષ વ્યક્ત કર્યો હતો.

3. બંને પક્ષોએ બહુપક્ષીય સંસ્થાઓ તથા પારસ્પરિક હિતના પ્રાદેશિક અને બહુપક્ષીય મુદ્દાઓમાં સતત સંકલન પર અભિપ્રાયોનું આદાનપ્રદાન પણ કર્યું હતું. રાષ્ટ્રપતિ રામાફોસાએ ભારતના જી-20ના રાષ્ટ્રપતિ પદ માટે સંપૂર્ણ સમર્થન વ્યક્ત કર્યું હતું અને આફ્રિકન યુનિયનને જી-20નું સંપૂર્ણ સભ્યપદ આપવાની ભારતની પહેલની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું હતું કે, તેઓ જી-20 સમિટ માટે નવી દિલ્હીની મુલાકાત લેવા આતુર છે.

4. પ્રધાનમંત્રીએ રાષ્ટ્રપતિ રામાફોસાને બ્રિક્સ સમિટના સફળ આયોજન બદલ અભિનંદન પાઠવ્યા. પ્રધાનમંત્રીએ રાષ્ટ્રપતિ રામાફોસાના પારસ્પરિક અનુકૂળ તારીખે દક્ષિણ આફ્રિકાની સત્તાવાર મુલાકાત લેવાનાં આમંત્રણનો સ્વીકાર કર્યો હતો.

**જોહાનિસબર્ગ**
**23 ઓગસ્ટ, 2023**